| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦ | ૧૦ | ૨૦૨૨ |
| રજી. તારીખ | : | ૧૦ | ૧૦ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : | ૦૬ | ૦૬ | ૨૦૨૪ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |

**મુંદરાના મહે. એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મુંદરા.**

ક્રિમીન કેસ નં. ૧૫૮૫/૨૦૨૨
આંક :–

ગુજરાત સરકાર

................ફરીયાદી.

**વિરૂધ્ધ**

બહાદુરસિંહ જોરૂભા સોઢા,
રહે.સોઢા કેમ્પ ભોરારા,તા.મુંદરા–કચ્છ.

.............આરોપી.

ગુન્હો: પ્રોહી એકટની કલમ –૬૫(એ એ) મુજબ.

---

ફરિયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી કે.એમ.પ્રજાપતિ
આરોપી પક્ષે વિ. વકીલ શ્રી વી.એસ.મહેતા

---

**–:: ચુ કા દો ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પોતાના કબજામાં દેશી દારૂની થેલી–નંગ ૨૬ આશરે લીટર–૧૩ જેની કિંમત રૂ.૨૬૦/–નો પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે રાખી પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ એ)મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરીયાદીએ મુંદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ. ર. નં.૦૮૨૫/૨૨ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અં તે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ કરેલ.

૨) માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા તાજેતરમાં R/CRIMINAL MISC.APPLICATION NO. 8892 of 2018 ના ચુકાદામાં પેરા નં. ૧૦માં એવુ ઠેરવવામાં આવેલ છે કે ''The result of the above discussion is that: (01)

by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" સદર કરેલ હુકમ ને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ: ૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી, આંક-૬ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૭ થી આરોપીની પ્લી નોંધતા આરોપી દવારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીશ્રીકાનાભાઈ કચરાભાઈ રબારી નીજુબાની | ૧૨ |
| ૨ | પંચ સાહેદ બળવંતસિંહ ધીરૂભા જાડેજા ની જુબાની | ૦૮ |
| ૩ | પંચ સાહેદ નારૂભા લક્ષમણજી સમા ની જુબાની | ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | પ્રોહી રેઈડ અંગેનું પંચનામુ | ૦૯ |

(૪) ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોધંવામાં આવેલ, જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું અને તેમના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોવાની હકિકત જણાવેલ છે, તે સિવાય બચાવપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીના કબજામાં થી દેશી દારૂની થેલી-નંગ ૨૬ આશરે લીટર-૧૩ જેની કિંમત રૂ.૨૬૦/-નો પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે રાખી પ્ર ોહીબીશન એકટની કલમ: ૬૫(એ એ) મુજબનો ગુન્હો કરેલ છે?

મુદ્દા નં.૨ શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>::- નિર્ણય માટેના કારણો -::</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

(૭) ફરીયાદપક્ષ તરફે આંક-૦૮તથા ૧૦થી આ કામે પંચોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદોતેમની સરતપાસમાં આંક:૦૯વાળા પ્રોહી રેઈડના પંચનામામાં સહી કરાવેલ, તે સિવાય બીજુ કાઈ જાણતા નથી, તેવી હકિકત જણાંવેલ છે. આમ, પંચસાહેદ ફરીયાદ પક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ, વિ. એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ પં ચસાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી. સદરહુ પંચસાહેદોની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, પંચની જુબાનીથી પંચનામાની હકિકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી ફરિયાદ પક્ષ આંક:૦૯વાળું પ્રોહી રેડઈનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક:૧૨થી ફરીયાદીશ્રીકાનાભાઈ કચરાભાઈ રબારી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસની જુબાનીમાં આંક-૧૩થી રજુ થયેલ ફરીયાદની હકીકતને સમર્થન આપતી હકીકત જણાવી પોલીસે પંચો રૂબરૂ તપાસ કરી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. જયારે સદર સાહેદની આરોપી પક્ષના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છેકે બનાવવાળી જગ્યાની વસ્તીવાળો આવેલો. એ વાત ખરી છે કે, ફરિયાદમાં પંચોના નામો લખાવેલા નથી.

(૦૯) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પં ચ સાહેદની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનુ કથન થયેલ છે, તે પંચ સાહેદએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક:૦૯થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં

ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી, ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. સાહેદ ધ્વારા ફરિયાદપક્ષે રજુ ફરીયાદ હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ છે,પરંતુ તેઓ ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની વસ્તીવાળો આવેલો છે તેમજ આજુ બાજુ રહેણાંકના મકાનો આવેલા છે. આમ, આ કામે પં ચનામુ થયા બાદ ફરીયાદીએ ફરીયાદ આપેલ હોય તેમ છતાં પંચોના નામ ફરીયાદમાં દર્શાવેલ ન હોય તે હકીકત નજર અંદાજ થઈ શકે તેમ નથી. વધુમાં બનાવવાળા સ્થળેથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદારે સ્વતં ત્ર સાહેદોના નિવેદનો લીધા નથી કે પંચો સિવાય સ્વતંત્ર સાહેદોને ચાર્જશીટમાં દર્શાવેલ નથી. જે સ્થળેથી મુદૃામાલ મળી આવેલ છે, તે મકાનની માલીકી–કબજા તથા ભોગવટો આ કામના આરોપીનો હોય તે દર્શાવતો ફરીયાદ પક્ષે કોઈ સબળ પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદી પોલીસ સ્ટાફના હોય જેથી તેઓને ફરીયાદ પક્ષના કેસમાં રસ ધરાવતા વ્યકિત હોવાનુ ગણી શકાય. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિંધ્ધાત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫</u>** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિમંતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો** ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્ર સિધ્ધ થયેલ છે, તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પં ચ સાહેદો ફરીયાદ પક્ષ ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર અધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર

આધાર રાખી શકાય નહીં. વધુમાં, **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી. એલ.એચ.ઈ. એલ.–એચ.સી.–પાના નં.૨૨૭૬૯૮</u>** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

(૧૦) ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે ફરી ગયેલ સાહેદ હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના ઘરમાંથી કે કબજામાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. **<u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ. આઈ. આર. ૧૯૬૦ ગુજ.૨૪</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે "Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search." " The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search."

(૧૧) કીમીનલ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચેની વિગતે કરુ છું.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) ક્રિ.પ્રો.કો.ક.૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી બહાદુરસિંહ જોરૂભા સોઢા,રહે.સોઢા કેમ્પ ભોરારા,તા.મુંદરા-કચ્છ નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ એ)મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારુનો અપીલ સમય બાદ નીયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૪૩૭ એ અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન હુકમ તારીખથી ૬ માસ સુધીના લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૬/૨૦૨૪.
સ્થળ :- મુંદરા.

**(શિવરામભાઈ લાખાજી રબારી)**
એડીશનલ જ્યુડી. મેજી. ફ. ક.,
મુંદરા (કોડ.જી.જે ૦૧૬૧૭)